ગાંધીનગર સમાચાર

# ઉત્તર-પૂર્વ ભારતમાં પુરની સ્થિતિ વધુ વણસી






નવી દિલ્હી,તા. ૧૮

ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના કારણે તારાજી સર્જાઈ છે.ઉત્તરાખંડ, આસામ, ઉત્તરપ્રદેશ અને બિહારમાં પુરના કારણે સેંકડો લોકોના મોત થઈ ગયા છે અને લાખો લોકોને માઠી અસર થઈ છે. ઉત્તરાખંડમાં પુરની સ્થિતિ સૌથી ગંભીર બનેલી છે. અહીં ૫૦થી વધુ લોકોના મોત પુર અને ભેખડો ધસી પડવાના કારણે થયા છે. બીજીબાજુ ઉત્તરપ્રદેશમાં પણ આવી જ હાલત બનેલી છે. આસામ, બિહારમાં સ્થિતિમાં સુધાર થયો હોવા છતાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. ચારધામની યાત્રા પણ ખોરવાઈ ગઈ છે. કારણકે, બદ્રીનાથ, યમનોત્રી અને ગંગોત્રી તરફ દોરી જતા મોટાભાગના માર્ગો તમામ જગ્યાઓએ બંધ કરી દેવાયા છે. ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયેલું છે. લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ, ઉત્તરપ્રદેશમાં પણ હવે પુરની સ્થિતી વણસી ગઈ છે. પુરના કારણે હજુ સુધી ૩૦ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૧૫૦૦ ગામો પુરના પાણી હેઠળ આવી ગયા છે. ૧૭૦૦૦ જેટલા લોકો ઘરવગરના થઈ ગયા છે.અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. નેપાળમાં ભારે વરસાદ અને ઘાઘરા, સારદા અને રાપ્તી નદીમાં પાણીની સપાટી સતત વધી છે. જેથી છ લાખ હેક્ટર પાક જમીન પણ પાણીમાં છે. તમામ જુના રેકોર્ડ તોડીને ઉત્તરપ્રદેશમાં બલરામપુર જિલ્લામાં રાપ્તી નદીમાં પાણીની સપાટી હવે ૧૦૫.૪૭ મીટર સુધી ઉંચી પહોંચી ગઈ ચે. જે ખતરાના નિશાનથી ૦.૮૫ મીટર ઉપર છે. કેન્દ્ર સરકાર દ્વારા મદદની ખાતરી આપી છે. રાપ્તી નદીમાં અગાઉ સર્વોચ્ચ પાણીની સપાટી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૦ના દિવસે નોંધાઈ હતી. એ વખતે પાણીની સપાટી ૧૦૫.૨૫ મીટર સુધી પહોંચી ગઈ હતી. નવી દિલ્હીમાં એક નિવેદનમાં જળ સંશાધન મંત્રાલય દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ચાર ટીમો તૈનાત કરવામાં આવી છે. બે હેલિકોપ્ટર પણ રાખવામાં આવ્યા છે. છેલ્લા ૪૮ કલાકથી પડી રહેલા ભારે વરસાદના કારણે ઉત્તરપ્રદેશમાં જનજીવન સંપૂર્ણ ખોરવાયુ ગયું છે. ઉત્તરપ્રદેશમાં સતત બીજા દિવસે સેનાને એલર્ટ રાખવામાં આવી હતી. કારણકે, ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ઘુસી ગયા છે. સેનાના હેલિકોપ્ટરો દ્વારા ખાવા-પીવાની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાજ્ય સરકારે રાહત કામગીરી માટે ૫૧ કરોડ રૂપિયા જારી કર્યા છે. દરમિયાન બિહારમાં પણ હાલત કફોડી બનેલી છે. બિહારમાં ૫.૮ લાખ લોકો સંકજામાં આવી ગયા છે. બિહારના ૧૩ જિલ્લાઓમાં પુરની સ્થિતિ ગંભીર બનેલી છે. પટણા, ગોપાલગંજ, પુર્વીય ચંપારણ અને શેખપુરામાં હાલત કફોડી બનેલી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ વિભાગના ખાસ સચિવ અનિરુધ કુમારનું કહેવું છે કે, મોટર બોટ સહિત ૪૮૭ બોટની સેવા લેવામાં આવી છે. આસામમાં પણ સ્થિતિમાં કોઈ સુધાર થયો નથી.

બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે. લખીમપુર, ધેમાજી, સોનીતપુર, મોરીગાંવ, ડિબ્રુગઢમાં તમામ નદીઓમાં પાણીની સપાટી વધી છે.આસામ અને પડોશી અરુણાચલમાં ભારે વરસાદ થયો છે. કાજીરંગા નેશનલ પાર્ક અને પોબીટોરા અભ્યારણના પ્રાણીઓને અન્યત્ર ખસેડાયા છે. ભુવનેશ્વરથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઓરિસ્સામાં પણ પુરના કારણે ૪૭ લોકોના મોત થયા છે. સ્થિતિમાં સુધાર થયો હોવા છતાં સૌથી અસરગ્રસ્ત પુરી જિલ્લામાં હજારો લોકો અટવાયેલા છે.

## ટીમ ઈન્ડિયાની કારમી હાર બાદ ધોની ઉપર હવે દબાણ

લંડન,તા. ૧૮

ઓવલના ઐતિહાસિક મેદાન ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં એક ઈનિંગ્સ અને ૨૪૪ રને કારમી હાર ખાધા બાદ ટીમ ઈન્ડિયાની ચારે બાજુ ભારે ટિકા થઈ રહી છે. સ્ટાર બેટ્સમેનોની ટીમ નિરાશાજનક દેખાવ કરી શકી છે. ટીમના દેખાવના કારણે ચાહકો ભારે નારાજ છે. ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ભારત તરફથી ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી અને અન્ય સ્ટાર બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. કારમી હાર થયા બાદ કેપ્ટન ધોનીના રાજીનામાં માટે દબાણ થઈ રહ્યું છે. આ ઉપરાંત ટીમમાં મોટા પાયે ફેરફાર કરવાની માંગ પણ ઉઠી રહી છે. ધોનીએ મેચ બાદ કહ્યું હતું કે અનુભવ નહી હોવાના કારણે હારનો સામનો કરવો પડ્યો છે. ધોનીએ ત્રણ દિવસથી પણ ઓછા સમયમાં ટેસ્ટ મેચ પૂર્ણ થવાના મામલે કહ્યું હતું કે બેટિંગ ઓર્ડર ખુબ ખરાબ ફોર્મમાં છે. ચેતેશ્વર પુજારાને દરેક મેચમાં ત્રીજા ચોથા ઓવરમાં રમવાની




ફરજ પડી હતી. કારણ કે ઓપનિંગ જોડી ફ્લોપ રહી છે. વિરાટ કોહલીના ખરાબ ફોર્મની પણ ધોનીએ વાત કરી હતી. ધોનીએ કહ્યુ હતું કે અંતિમ ટેસ્ટમાં અમે કોઈ પડકાર ફેંકી શક્યા નથી. ધોનીએ કહ્યું હતું કે એવી આશા છે કે બેટ્સમેનો હાર થયા બાદ સારી બાબતો શીખશે.

ભારતીય ટીમ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં વર્ષ ૨૦૧૧માં હારી ગઈ હતી. હવે ટીમ ઈન્ડિયા વર્ષ ૨૦૧૩-૧૪માં દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ અને હવે ઈંગ્લેન્ડ સામે હારી ચુકી છે. ભારતે સતત શ્રેણી ગુમાવી છે. ધોનીએ કહ્યુ હતું કેલ વર્ષ ૨૦૧૧માં જે ટીમ હતી તેના કરતા આજે ટીમ સમગ્ર બદલાઈ ગઈ છે. વર્ષ ૨૦૧૧માં જે બાબતો શીખવામાં આવી હતી તે બાબતો લાગુ કરી હતી પરંતુ કોઈ સફળતા મળી ન હતી. વિરાટ કોહલી, ચેતેશ્વર પુજારા અને ઓપનિંગ જોડી સંપૂર્ણપણે ફ્લોપ રહી છે. ધોની પોતે પણ સફળ રહ્યો નથી.

## મુખ્યપ્રધાન ગોગોઈના કાફલા પર હુમલો થયો

ગુવાહાટી,તા. ૧૮

આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈના કાફલા ઉપર આજે હિંસક દેખાવ કરી રહેલા લોકોએ હુમલો કર્યો હતો. નાગાલેન્ડની સરહદ પર આવેલા ગોલાઘાટ જિલ્લામાં હિંસાગ્રસ્ત ઉરીયાઘાટની મુલાકાતે જઈ રહ્યા હતા ત્યારે તેમના કાફલા પર હુમલો કરાયો હતો. આ હુમલામાં તરુણ ગોગોઈનો સહેજમાં બચાવ થયો હતો. કાફલાના બે વાહનોને નુકશાન થયું હતું. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (કાયદો અને વ્યવસ્થા) એપી રાવતે માહિતી આપતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી ઝેડપ્લસની સુરક્ષા વ્યવસ્થા ધરાવે છે. આજે સવારે મુખ્યમંત્રી તેમના કાફલા સાથે ગોલાઘાટ માટે જોરહાટથી રવાના થયા હતા. ગોગોઈ ઉરીયાઘાટ ખાતે રાહત કેમ્પ નજીક હતા ત્યારે નારાજ થયેલા લોકો સુત્રોચ્ચાર કરી રહ્યા હતા. તેજવેળા કેટલાક દેખાવકારોએ સુરક્ષા વાહનો ઉપર પથ્થરમારો કર્યો હતો. જેમાં બે વાહનોને નુકશાન થયું હતું. દેખાવકારોને શાંતિપૂર્ણ રીતે ખસી જવા માટે અપીલ કરવામાં આવી હતી પરંતુ આ લોકોએ ઈન્કાર કરતા પોલીસને લાઠીચાર્જ કરવાની અને પાણીનો મારો ચલાવવાની ફરજ પડી હતી.

## શારદા કૌભાંડ ઈડી દ્વારા પશ્ચિમ બંગાળના ટેક્સ ટાઈલ પ્રધાનની આકરી પૂછપરછ

કોલકત્તા,તા. ૧૮

પશ્ચિમ બંગાળના ટેકસટાઈલ પ્રધાન શ્યામપદા મુખર્જી અને અભિનેતા અપર્ણા સેનની સમગ્ર રાજ્યને હચમચાવી મુકનાર શારદા ચીટફંડ કૌભાંડના સંબંધમાં એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આજે આકરી પૂછપરછ કરવામાં આવી હતી. શારદા ચીટફંડ કૌભાંડ કેસમાં મની લોન્ડરીંગ તપાસ સંદર્ભમાં પૂછપરછ કરવામાં આવી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ એવોર્ડ વિજેતા અને નિર્દેશક સેનની પૂછપરછ કરવામાં આવી હતી. તેમનું નિવેદન ઈડી દ્વારા નોંધવામાં આવ્યું હતું. હાલમાં નિષ્ક્રીય થઈ ગયેલા ગ્રુપને લઈને આ મહિલા અભિનેત્રી અપર્ણા સેનની પૂછપરછ કરવામાં આવી હતી. મેગેઝિનના એડીટર તરીકે ભુમિકાની તપાસ ચાલી રહી છે. અપર્ણા સેનનું નિવેદન પ્રવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટની કલમ ૫૦ હેઠળ નોંધવામાં આવ્યું હતું.




અધિકારીઓ દ્વારા પૂછવામાં આવેલા તમામ પ્રશ્નોના જવાબ સેને આપ્યા હતા સાથે-સાથે આ કેસના સંદર્ભમાં સહકાર આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી. ઈડીના અધિકારીઓને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, બિઝનેસ ઈન્વેસ્ટમેન્ટના સંદર્ભમાં તેમની પાસે કોઈપણ માહિતી નથી. ગ્રુપ દ્વારા ચલાવવામાં આવતી અન્ય આકર્ષક સ્કીમોના સંદર્ભમાં પણ તેમની પાસે કોઈ માહિતી નથી. સુત્રોનું કહેવું છે કે સેન મેગેઝિન સાથે જોડાયેલી રહી હતી. સુદીપ્ત સેન પ્રમોટેડ ગ્રુપ દ્વારા તેની ખરીદી કરવામાં આવી હતી. ઈડી દ્વારા મુખર્જીની પણ પૂછપરછ કરવામાં આવી હતી. મુખર્જી સામે પણ ગંભીર પ્રકારના આક્ષેપો કરાયા છે. કેટલીક સંપત્તિના ટ્રાન્સફર મારફતે મુડી ઉભી કરવાનો તેમના પર આક્ષેપ મુકવામાં આવ્યો છે. જોકે, મુખર્જી આક્ષેપોને રદીયો આપી ચુક્યા છે. શારદા ચીટફંડ કેસમાં લાખોની લેવડ-દેવડ થયેલી છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે, ૯૦ ટકાથી વધુ કંપનીઓ માત્ર પેપર પર જ અસ્તિત્વમાં હતી. ૨૨૪ કંપનીઓ પૈકી માત્ર ૧૭ કંપનીઓ બિઝનેસ ધરાવતી હતી. તપાસ કારોનો દાવો છે કે, લોકોની સાથે છેતરપીંડી કરવાના હેતુસર આ કંપનીઓ ઉભી કરવામાં આવી હતી. આ કેસમાં લોન્ડરીંગની રકમ આશરે ૧૯૮૩.૦૨ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં નવી વિગત સપાટી પર આવી શકે છે. મુખ્ય આરોપી અને શારદા ગ્રુપના ચેરમેન સુદીપ્ત સેન તથા તૃણમુલ કોંગ્રેસના સાંસદ કુણાલ ઘોષની ધરપકડ કરવામાં આવી ચુકી છે.

## મર્સિડીઝ ભારતમાં કાર કિંમતમાં વધારો ઝીંકશે

નવી દિલ્હી,તા. ૧૮

જર્મનીની કાર બનાવતી કંપની મર્સિડીઝ બેન્જ હવે સપ્ટેમ્બર મહિનાથી ભારતમાં તેની કાર કિંમતોમાં ૨.૫ ટકા સુધીનો વધારો કરનાર છે. ઉંચા




એક્સચેન્જ રેટ અને ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થયા બાદ કિંમતોમાં ૨.૫ ટકાનો વધારો કરવામાં આવનાર છે. ઉત્પાદન ખર્ચ સતત વધી રહ્યો છે. મર્સિડીઝ બેન્ઝ લકઝરી કાર બનાવતી કંપની છે અને તે ભારતમાં ઈ-ક્લાસ, બી-ક્લાસ, સેડાન-સી ક્લાસ, ઈ ક્લાસ, એસ ક્લાસ, જી ૬૩ એએમજી કાર વેચે છે. આની કિંમત ૨૬.૧૯ લાખથી ૧.૮૫ કરોડ વચ્ચેની છે.

**વડાપ્રધાનની પહેલ બાદ ૧૦૦ કરોડ આપશે**

## ટીસીએસ ૧૦ હજાર ગર્લ્સ સ્કુલમાં ટોયલેટ બનાવશે

નવીદિલ્હી,તા. ૧૮

દેશની સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપની ટીસીએસે આજે જાહેરાત કરી હતી કે, દેશભરમાં ૧૦ હજાર સ્કુલોમાં વિદ્યાર્થીનીઓ માટે હાઈજેનિક સેનિટેશનની સુવિધા ઉભી કરવા માટે તે ૧૦૦ કરોડ રૂપિયા આપશે. વિદ્યાર્થીનીઓ માટે ટોયલેટ માટે ૧૦૦ કરોડ આપવાની ટીસીએસની જાહેરાત બાદ અન્ય કંપનીઓ પણ આગળ આવે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસના ભાષણમાં સ્વચ્છ ભારતની પહેલ કરી હતી જેની અસર હવે દેખાઈ રહી છે. ટીસીએસના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર એન



ચંદ્રશેખરને કહ્યું હતું કે, અમે નક્કરપણે માનીએ છીએ કે, વિદ્યાર્થીનીઓ માટે હાઈજેનિક સેનિટેશનના મિશનને હાંસલ કરી શકાય છે. આનાથી વિદ્યાર્થીનીઓના શિક્ષણને સુધારી શકાશે. સાથે-સાથે ભારતના નેક્સ્ટ જનરેશનના ટાર્ગેટને પણ હાંસલ કરી શકાશે. મહિલાના ગૌરવની વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં જ સંસદ સભ્યો અને કોર્પોરેટ સેક્ટરને દેશભરમાં આગામી વર્ષ સુધી તમામ સ્કુલોમાં વિદ્યાર્થીનીઓ માટે અલગ ટોયલેટ બનાવવા મદદ કરવા અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, કોર્પોરેટ સેક્ટરે તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારી પહેલના ભાગરૂપે સ્કુલમાં ટોયલેટના નિર્માણમાં મદદમાં ભુમિકા ભજવવી જોઈએ. પ્રાપ્ત હેવાલ મુજબ વિદ્યાર્થીનીઓ માટે અલગ ટોયલેટના ભાગરૂપે હવે સમગ્ર પ્રક્રિયા ઝડપથી આગળ વધશે.

# સમાચાર ઝલક

- જન્માષ્ટમીના દિવસે ગુજરાતમાં નવસારી, પોરબંદર, આણંદમાં ડુબી જવાથી અકસ્માતમાં ૧૫થી વધુ મોત.
- મુંબઈમાં ૩૫૦૦થી વધુ જગ્યાએ દહીં-હાંડીના કાર્યક્રમ યોજાયા.
- દ્વારકા, શામળાજી, ડાકોરમાં કૃષ્ણ જન્મોત્સવમાં ઉમટેલું માનવ મહેરામણ.
- શ્રાવણ માસના ચોથા સોમવારે શિવ મંદિરોમાં ઉમટયું ભકતોનું ઘોડાપુર.
- ગુજરાતના સિંહો હાલમાં મધ્યપ્રદેશ મોકલવાની કામગીરી રોકી દેવાઈ.
- બેંક મહિલા કર્મચારીઓને કામગીરી તથા બેંકની જગ્યાની પસંદગી આપવા નાણાં વિભાગનો આદેશ.
- મહેસાણામાં જીઆઈડીસીના ઈજનેર લાંચના છટકામાં ઝડપાયા.
- છોટા ઉદેપુર-નસવાડીમાં ૩ કલાકમાં ૩ ઈંચ જેટલો ભારે વરસાદ.
- અમદાવાદ, નવસારી, ઉદવાડામાં પારસી સમાજે નવા વર્ષની દબદબાભેર ઉજવણી કરી.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્ર્યદિનની ૮ ભાષાઓમાં શુભેચ્છાઓ ટવીટ કરી.
- દિલ્હીમાં કારની ઝડપથી ૧૩ને અડફેટે લીધા. તમામને ગભીર ઈજાઓ.
- પાકિસ્તાનમાં ઈમરાનખાનના આંદોલનથી પાકિસ્તાન સરકાર ઘેરા સંકટમાં.

## પર્યાવરણ : ચેતનાની એકાત્મ દૃષ્ટિ

(પાના નં. ૪ નું ચાલુ)

વિજ્ઞાનના પ્રયોગો માટે માનવે દેડકા, વાંદરા અને સસલાં જેવા નિર્દોષ પ્રાણીઓનો ભોગ લેવા માંડ્યો. બલિહારી તો જુઓ! ભારત જેવો દેશ આવાં પ્રાણીઓની નિકાસ કરતો રહ્યો છે. રસાયણોનાં સંયોજનથી કૃત્રિમ વરસાદની શોધ માનવે કરી પણ કુદરતી વરસાદને છેટું પડી જાય એટલી હદે વૃક્ષો-જંગલો કાપ્યે જ રાખ્યા. આંબાના વૃક્ષ પર પાકતી મધુર કેરીના રસનેય માનવીની બુદ્ધિએ ખોખામાં કેદ કર્યો. કામધેનું જેવી ગાયોનું અમૃતતૂલ્ય દૂધ વધુ મેળવવાની લ્હાયમાં માનવે એનેય વિજ્ઞાનની મદદથી વર્ણસંકર બનાવી. પરિણામ શું આવ્યું? આવી ગાય વર્ણસંકરમાંથી ‘મેડકાઉ’ બની! માનવનું પોષણ કરનારી ગાયો વિનાશનું કારણ બની.

પ્રકૃતિ તો કામધેનું છે. આપણા જીવનની પોષક છે. એનો ઉચિત ઉપયોગ જ માનવનાં હિતમાં છે. ગાંધીજીએ કહ્યું છે -

‘‘માણસની જરૂરિયાતોને સંતોષવાની તાકાત પ્રકૃતિમાં છે, પણ માણસોના લોભને પોષવાની નહીં.’’

પ્રકૃતિનું દોહન થાય, શોષણ નહીં, શોષણ કરવાથી દૂધ નહીં, રક્ત મળશે. પ્રકૃતિને જોવા સ્થૂળ નહીં, સૂક્ષ્મ દૃષ્ટિની જરૂર છે. જો એમ થશે તો મનુષ્યનાં માનસમાં પેદા થતું માનસિક પ્રદૂષણ પણ ઘટશે... પરિણામે આ જગતની વિકૃતિમાં ઘટશે.

પ્રકૃતિને પ્રકાશ માટે સાહજિક ઝંખના છે, સર્જનહારે જેટલી સુંદરતા પ્રકૃતિ-સૃષ્ટિને આપી છે એટલી સુંદરતા માનવની દૃષ્ટિને પણ આપી હોત તો!

પ્રકૃતિની ગોદમાં પુરૂષ છે. પુરૂષ અને પ્રકૃતિ જયારે હાથમાં હાથ પરોવી, સંવાદિતાની સ્નેહગાંઠે બંધાઈ જઈને કોઈ પણ કાર્ય કરે છે ત્યારે એ કાર્ય કાર્ય નથી રહેતું, કુદરતનું કાવ્ય બની જાય છે.

(ક્રમશઃ)

## રાંચી : વડાપ્રધાન મોદીની ૨૧મી યાત્રાને લઈ તૈયારી

રાંચી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧મી ઓગષ્ટના દિવસે રાંચીની મુલાકાત લેનાર છે. આને લઈને ઝારખંડ પોલીસ અને સુરક્ષા સંસ્થાઓ ખુબ સાવધાન થયેલી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. પોલીસ અને સુરક્ષા સંસ્થાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. કારણ કે ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહીદ્દીન અને સિમીના સ્લીપર સેલના કટ્ટરપંથીઓ હુમલા કરી શકે છે તેવી ઈન્ટેલિજન્સ સંસ્થાઓને શંકા રહેલી છે. મોદી પ્રભાત તારા ગ્રાઉન્ડ ખાતેથી લોકોને સંબોધન કરનાર છે. સિથિયો ગામ નજીક વન્ય વિસ્તારમાં આઈએમના ટ્રેનિંગ સેન્ટરથી ૧૦ કિલોમીટરના અંતરે સ્થિત મેદાન પર મોદી સંબોધન કરનાર છે. ગયા વર્ષે પટણામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. આ બ્લાસ્ટ કરનાર ચાર શખ્સો આ ગામના હોવાની વિગત સપાટી પર આવી



હતી. શંકાસ્પદ પૈકી એક બ્લાસ્ટમાં માર્યો ગયો હતો. જ્યારે અન્ય ત્રણ ઝડપાયા હતા. જેમાં આઈએમના સેકન્ડ ઈન કમાન્ડ હૈદર અલીનો સમાવેશ થાય છે. નામ જાહેર નહી કરવાની શરતે એક આઈપીએસ અધિકારીએ કહ્યું હતું કે અમને એવુ જાણવા મળ્યું છે કે આઈએમ અહીં કેટલાક સ્લીપર સેલ ધરાવે છે. એનઆઈએ અને અન્ય તપાસ સંસ્થાઓની મદદ દ્વારા તેમના નેટવર્કનો ખાતમો બોલાવી દેવા માટે અમે તૈયાર છીએ. રાંચી ઝોનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ એમએસ ભાટિયાએ કહ્યું છે કે ફુલપ્રુફ પ્લાન તૈયાર છે. સ્ટેજ અને બેરિકેડ સહિત નિર્માણમાં ઉપયોગ કરવામાં આવી રહેલી તમામ ચીજવસ્તુઓની ચકાસણી કરવામાં આવી રહી છે. કપડાથી લઈને લોખંડના પાઈપ સુધીની વસ્તુઓની ચકાસણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાનની રાંચની હાઈ પ્રોફાઈલ યાત્રાની સુરક્ષા સંસ્થાઓએ તમામ તૈયારી કરી છે. સ્થળની ચકાસણી સતત કરવામાં આવી રહી છે. ગ્રાઉન્ડની નજીક રહેતા તમામ લોકોની વિગત તૈયાર કરવામાં આવી છે.

## હવે જેવીએમ ૨૦મીએ ભાજપ સાથે મર્જ કરાશે

જમશેદપુર,તા. ૧૮

ઝારખંડ વિકાસ મોરચા ૨૦મી ઓગસ્ટના દિવસે ભાજપ સાથે મર્જ થઈ જશે. ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અર્જુન મુંડાએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ સંદર્ભમાં દરખાસ્ત ઝારખંડ વિકાસ મોરચા તરફથી આવી ચુકી છે. હવે ભાજપ સાથે વિધિવતરીતે મર્જ થઈ જશે. અન્ય પાર્ટી ઝારખંડ દિસમ પાર્ટી (જેડીપી) પણ ભાજપમાં આજે મર્જ થઈ ગઈ હતી. એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે, હવે જેવીએમ પણ ૨૦મી ઓગસ્ટના દિવસે ભાજપમાં જોડાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઝારખંડની યાત્રાના એક દિવસ પહેલા આ બન્ને પક્ષો મર્જ થઈ જશે. જોકે, અર્જુન મુંડાએ મર્જર અંગે વધુ માહિતી આપવાનો ઈન્કાર કર્યોહતો. તાજેતરમાં જ રાંચીના આયોજિત એક કાર્યક્રમમાં જેવીએમના ચાર ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા.